# સાઉન્ડ રેકોર્ડિસ્ટ

સાઉન્ડ રેકોર્ડિસ્ટ ધ્વનિ/અવાજનું રેકોર્ડીંગ કરવા માટે ઉપયોગમાં લેવાતા ઈલેક્ટ્રોનિક ઉપકરણોનું સંચાલન કરે છે. સાઉન્ડ રેકોર્ડિસ્ટ માઈક્રોફોનને યોગ્ય સ્થિતિમાં મૂકે છે તથા તેને રેકોર્ડિંગના ઉપકરણો સાથે જોડે છે. સામાન્ય રીતે, સાઉન્ડ રેકોર્ડિસ્ટ દ્વારા રેકોર્ડ કરવામાં આવેલ ધ્વનિ/અવાજને સાઉન્ડ મિક્સર દ્વારા સંપાદિત કરવામાં આવે છે.

## વ્યક્તિગત નિપુણતા

- તમે સર્જનાત્મક અભિગમ ધરાવો છો
- તમે ઉપકરણોનું સંચાલન કરવામાં નિપૂણ છો
- તમે સહજ રીતે અલગ અલગ જૂથ સાથે કામ કરી શકો છો
- વસ્તુઓ કેવી રીતે કાર્ય કરે છે તે સમજવામાં તમને આનંદ થાય છે



ફી

આ અભ્યાસક્રમની ફી આશરે **રૂ. ૨૫,૦૦૦ થી ૧૮,૦૦,૦૦૦*** જેટલી હોય છે

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- **રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ** - **www.scholarships.gov.in** ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in** ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે)

## લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઈન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## પ્રવેશ માટે...

૧. વિજ્ઞાન પ્રવાહમાં ધો. ૧૨ પૂર્ણ કરો (ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર અને ગણિત). ત્યારબાદ, સાઉન્ડ એન્જિનિયરીંગમાં BE / B Techની ડિગ્રી મેળવો. આ જ ક્ષેત્રમાં તમે M Tech પણ કરી શકો છો. **અથવા**

- કોઈપણ વિદ્યાશાખામાં ધો. ૧૨ પૂર્ણ કરો. ત્યારબાદ, બ્રોડકાસ્ટિંગ અને ડિજિટલ મીડિયામાં બી.એ.ની ડિગ્રી મેળવો, ત્યાર પછી તમે ટીવી અને સાઉન્ડ એન્જિનિયરીંગમાં ડિપ્લોમા કરી શકો છો.

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો

## અપેક્ષિત આવક

*અહી આપેલ આંકડાઓ ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે

સાઉન્ડ રેકોર્ડિસ્ટનું અંદાજીત માસિક વેતન
રૂ. ૪૦,૦૦૦ થી ૬૦,૦૦૦* જેટલું હોય છે.

સ્રોત : https://www.glassdoor.co.in/Salaries/sound-recordist-salary-SRCH_KO0,15.htm

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** સમગ્ર ભારતમાં મીડિયા અને મનોરંજન કંપનીઓમાં તેમજ રેડિયો અથવા ટેલિવિઝન સ્ટેશનોમાં.

**કાર્યસ્થળનું વાતાવરણ :** તમારા કામના કલાકો સામાન્ય રીતે તમે જે ટીવી શો/ફિલ્મ/વિજ્ઞાપનોના શૂટીંગના કલાકો પર આધારીત રહેશે. તે સામાન્ય રીતે પ્રતિ દિવસ ૮ થી ૯ કલાક જેટલા હોય છે. શિફ્ટ પ્રથા ઉપલબ્ધ હોય છે. તમારે વારંવાર બહાર ફિલ્ડમાં કામ કરવું પડશે.

*આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે.

## અપેક્ષિત પ્રગતિ પથ

આસિસ્ટન્ટ સાઉન્ડ રેકોર્ડિસ્ટ → સાઉન્ડ રેકોર્ડિસ્ટ → સિનિયર સાઉન્ડ રેકોર્ડિસ્ટ

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

સાઉન્ડ એન્જિનિયરીંગ ટેકનિશિયન, બ્રોડકાસ્ટ અને સાઉન્ડ એન્જિનિયરીંગ ટેકનિશિયન, ફીલ્ડ સાઉન્ડ રેકોર્ડિસ્ટ

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**આ અભ્યાસક્રમ ફિલ્મ નિર્માણ વિભાગ દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવે છે.** સંસ્થાઓની અહી આપેલ યાદી માત્ર સૂચક છે.

**સરકારી સંસ્થાઓ**

૧. ફિલ્મ એન્ડ ટેલિવિઝન ઇન્સ્ટિટ્યુટ ઓફ ઇન્ડિયા (એફ.ટી.આઈ.આઈ.), પુણે
૨. બિજુ પટનાયક ફિલ્મ એન્ડ ટેલિવિઝન ઇન્સ્ટિટ્યુટ ઓફ ઓડિશા, કટક
૩. પંડિત લક્ષ્મી ચંદ સ્ટેટ યુનિવર્સિટી ઓફ પરફોર્મિંગ એન્ડ વિઝ્યુઅલ આર્ટ્સ, રોહતક
૪. સીતાબાઈ આર્ટસ કોમર્સ એન્ડ સાયન્સ કોલેજ, અકોલા
૫. તિલક મહારાષ્ટ્ર વિદ્યાપીઠ, પુણે
૬. ગવર્મેન્ટ ફિલ્મ અને ટેલિવિઝન ઇન્સ્ટિટ્યુટ, બેંગલુરૂ
૭. જામિયા મિલિયા ઇસ્લામિયા, નવી દિલ્હી
૮. મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઓફ બરોડા
૯. કોલેજ ઓફ એન્જિનિયરીંગ, પુણે (બી.ટેક માટે)
૧૦. દિલ્હી ટેકનોલોજીકલ યુનિવર્સિટી

**ખાનગી સંસ્થાઓ**

(અરજી કરતા પહેલા તપાસ કરો કે શું સંસ્થા યુ.જી.સી. સાથે સંલગ્ન અને માન્યતા પ્રાપ્ત છે કે નહી)

૧. એશિયન એકેડમી ઓફ ફિલ્મ એન્ડ ટેલિવિઝન, નોઇડા
૨. એ.પી.જે. કોલેજ ઓફ ફાઈન આર્ટસ, જલંધર
૩. સંજીવ અગ્રવાલ ગ્લોબલ એજ્યુકેશન યુનિવર્સિટી, ભોપાલ
૪. વ્હિસલિંગ વુડ્સ ઈન્ટરનેશનલ, મુંબઈ
૫. એ.એ.એફ.ટી. યુનિવર્સિટી ઓફ મીડિયા એન્ડ આર્ટસ, રાયપુર
૬. અન્નપૂર્ણા કોલેજ ઓફ ફિલ્મ એન્ડ મીડિયા, હૈદરાબાદ
૭. બ્રિજ એકેડમી કોલેજ ઓફ મીડિયા એન્ડ ફાઈન આર્ટ્સ, ચેન્નાઈ
૮. સી.આર.ઈ.ઓ. વેલી સ્કૂલ ઓફ ફિલ્મ એન્ડ ટેલિવિઝન, બેંગલુરૂ
૯. સેન્ટર ફોર રિસર્ચ ઇન આર્ટ ઓફ ફિલ્મ એન્ડ ટેલિવિઝન, નવી દિલ્હી
૧૦. ચેન્નાઈ ફિલ્મ સ્કૂલ, ચેન્નાઈ

સંસ્થાઓના રેન્કિંગ અંગેની માહિતી અહીં ઉપલબ્ધ છે - https://www.nirfindia.org/2022/Ranking.html

**ડિસ્ટન્સ લર્નિંગ ઇન્સ્ટિટ્યુટ**

- ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી (IGNOU)
- ડૉ. બી. આર. આંબેડકર ઓપન યુનિવર્સિટી

**ઓનલાઈન અભ્યાસક્રમો**

- NPTEL * સ્વયમ: https://nptel.ac.in/courses/117105133
- www.ncs.gov.in
- www.skillindiadigital.gov.in
- https://anubandham.gujarat.gov.in

* એન.પી.ટી.ઈ.એલ.-નેશનલ પ્રોગ્રામ ઇન ટેકનોલોજી એન્હાન્સ્ડ લર્નિંગ. તે ભારત સરકાર દ્વારા તૈયાર કરાવવામાં આવેલ છે જે ઓડિયો-વિડીયો સ્વરૂપમાં વિવિધ અભ્યાસક્રમો ઉપલબ્ધ કરાવે છે.

મને સ્કેન કરો

વેબસાઈટ પર જુઓ

## સાફલ્ય ગાથા

**જુબીન રાજ** એક કમ્પ્યૂટર સાયન્સ એન્જિનિયર હતા જેઓ વર્ષ ૨૦૧૨માં કેરળ યુનિવર્સિટીમાંથી સ્નાતક થયા હતા. ઓડિયો ડિઝાઇનિંગ તરફના તેમના ઝોકને કારણે તેમણે રામોજી એકેડેમી ઓફ ફિલ્મ એન્ડ ટેલિવિઝન, હૈદરાબાદમાંથી ઓડિયો રેકોર્ડિંગ અને સાઉન્ડ ડિઝાઇનમાં ડિપ્લોમા કોર્સ કર્યો અને ત્યાંથી તેમણે વર્ષ ૨૦૧૩માં સ્નાતકની પદવી હાંસલ કરી. મૂવીઝ નાઉમાં તેઓ એસોસિયેટ સાઉન્ડ એડિટર હતા અને પછી તેમને સાઉન્ડ એન્જિનિયર તરીકે બઢતી આપવામાં આવી. હાલમાં તે એક અગ્રણી મીડિયા નેટવર્ક કંપની, સોની પિક્ચર્સ નેટવર્ક્સ ઈન્ડિયા, મુંબઈ સાથે, ડિસેમ્બર ૨૦૧૭થી ઑડિયો ડિઝાઈનર તરીકે કામ કરી રહ્યા છે.*

સ્ત્રોત : https://theinterviewportal.com/2020/04/09/sound-designer-engineer-interview/

*ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.